જા. નં.૧૨૪/BOM/કુ.સ.કા./ગૂ.વિ./2023-24

# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## બૉર્ડ ઑફ મેનેજમેન્ટ (DU) ૯/૨૦૨૩-૨૪ તા. ૧૭-૦૧-૨૦૨૪

સુજ્ઞશ્રી,

ગૂજરાત વિદ્યાપીઠની બૉર્ડ ઑફ મેનેજમેન્ટની વર્ષ 2023-24ની નવમી બેઠક તા. ૧૭-૦૧-૨૦૨૪ ને બુધવારે સવારે ૧૦-૦૦ વાગ્યે ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે ઈન્ચાર્જ કુલપતિના અધ્યક્ષસ્થાને મળી હતી. બેઠકમાં નીચે મુજબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા :

| | | |
|---|---|---|
| ૧. | ડૉ. ભરતભાઈ જોશી | : કુલપતિ (ઈન્ચાર્જ) અને અધ્યક્ષ |
| ૨. | ડૉ. નવીનચંદ્ર શેઠ | : કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત પ્રતિનિધિ |
| ૩. | ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય | : કુલાધિપતિશ્રી દ્વારા નિયુકત સભ્ય |
| ૪. | શ્રી દિલીપભાઈ ઠાકર | : ગૂજરાત વિદ્યાપીઠ મંડળ દ્વારા નિયુકત સભ્ય |
| ૫. | ડૉ. હર્ષદભાઈ એ. પટેલ | : ગૂજરાત વિદ્યાપીઠ મંડળ દ્વારા નિયુકત સભ્ય |
| ૬. | ડૉ. કનુભાઈ નાયક | : ગૂજરાત વિદ્યાપીઠ મંડળ દ્વારા નિયુકત સભ્ય |
| ૭. | ડૉ. રામગોપાલ સિંહ | : ડીન, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા |
| ૮. | ડૉ. દીપુબા દેવડા | : ડીન, શિક્ષણ વિદ્યાશાખા |
| ૯. | ડૉ. જગદીશચંદ્ર સાવલિયા | : પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ અને રમત ગમત વિજ્ઞાન વિદ્યાશાખા |
| ૧૦. | ડૉ. જ્યોતિબહેન લામ્બા | : સહપ્રાધ્યાપક, હિન્દી વિભાગ |
| ૧૧. | ડૉ. નિખિલભાઈ ભટ્ટ | : કુલસચિવ (ઈન્ચાર્જ) અને હોદ્દેદાર સચિવ |

ઉપરોકત ક્રમાંક-૨,૪ અને ૫નાં સભ્યશ્રીઓ બેઠકમાં ઓનલાઈન જોડાયા હતા. સભ્યશ્રી બિશાલભાઈ ભાદાણીએ બેઠકમાં ઉપસ્થિત નહીં રહી શકે તેની ફોન/ઈ-મેઈલથી જાણ કરી હતી. તેમની ગેરહાજર રહેવાની રજા મંજૂર કરવામાં આવી.

બેઠકની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

કાર્ય-૧ : તા. ૨૯-૧૧-૨૦૨૩ના રોજ મળેલી બેઠકના અહેવાલને બહાલી આપવા તથા અમલવારીનોંધને ધ્યાનમાં લેવા અંગે.

ઠરાવ-૧ : તા. ૨૯-૧૧-૨૦૨૩ના રોજ મળેલી બેઠકના અહેવાલને બહાલી આપવા ઠરાવવામાં આવ્યું તથા અમલવારીનોંધને ધ્યાને લેવામાં આવી.

કાર્ય-૨ : MBA કોર્સ માટે AICTEની વર્ષ ૨૦૨૪-૨૫ની મંજૂરીની કાર્યવાહી અંગે.

ઠરાવ-૨ : MBA કોર્સ માટે AICTEની વર્ષ ૨૦૨૪-૨૫ની મંજૂરીની કાર્યવાહી માટે AICTEના ધારાધોરણ પ્રમાણે મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, રાંધેજાની માહિતી અપલોડ કરી મંજૂરી મેળવવી અને MBA કોર્સ રાંધેજા કેન્દ્ર ખાતે ચલાવવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-3 : BCA કોર્સ માટે AICTEની વર્ષ ૨૦૨૪-૨૫ની મંજૂરીની કાર્યવાહી અંગે.

ઠરાવ-3 : BCA કોર્સ માટે AICTEની વર્ષ ૨૦૨૪-૨૫ની મંજૂરીની વર્તમાન સુવિધાઓ આધારિત કાર્યવાહી માટે તા.૩૧-૦૧-૨૦૨૪ સુધીમાં AICTEની મંજૂરી મેળવવાની પ્રક્રિયા કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૪ : AQARના ક્રાઇટેરિયા 3.1.2 અને 6.3.2 અનુસાર જરૂરી બજેટ ફાળવવા અંગેનો સંયોજકશ્રી, IQACનો તા. ૧૫-૧૨-૨૦૨૩નો પત્ર વંચાણે લઈ નિર્ણય કરવા અંગે.

ઠરાવ-૪ : AQARના ક્રાઇટેરિયા 3.1.2 અને 6.3.2 અનુસાર લઘુત્તમ જરૂરી બજેટ ફાળવવા જોગવાઈ કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૫ : ગૂજરાત વિદ્યાપીઠ મંડળની તા. ૦૬/૦૯/૨૦૨૩ની બેઠકના ઠરાવ : ૦૨ "ગૂજરાત વિદ્યાપીઠ યુજીસી સાથે જોડાયેલ હોવાથી દેશ/રાજ્યની યુનિવર્સિટી મુજબ નામાભિધાનમાં એકસૂત્રતા/સમાનતા માટે ગૂજરાત વિદ્યાપીઠના હોદ્દેદારોના હોદ્દાઓ યુજીસીના ગાઈડ લાઈન મુજબ ચાન્સેલર માટે કુલાધિપતિ તથા વાઈસચાન્સેલર માટે કુલપતિ નામાભિધાન કરવાનું ઠરાવવામાં આવ્યું." તેનું અમલીકરણ કરવા બાબત.

ઠરાવ-૫ : કાર્ય-૫માં નિર્દિષ્ટ ઠરાવનું અમલીકરણ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૬ : ગૂજરાત વિદ્યાપીઠ મંડળની તા. ૨૧/૧૨/૨૦૨૩ની બેઠકના ઠરાવ : ૦૮ "UGC (Institutions Deemed to be University) Regulation, 2023ની જોગવાઈઓ અને ગૂજરાત વિદ્યાપીઠના સંચાલન સ્વરૂપને ધ્યાનમાં રાખી પ્રવર્તમાન "UGC (Institutions Deemed to be University) Regulation, 2019 અનુસાર જોગવાઈઓનો તુલનાત્મક અભ્યાસ કરતા શિક્ષા મંત્રાલય, ભારત સરકાર સમક્ષ ગૂજરાત વિદ્યાપીઠની Regulation, 2023ના અમલીકરણ બાબતે અવલોકનો અને રજૂઆત કરવાનું ઠરાવવામાં આવ્યું." જેની જાણ થવા બાબત.

ઠરાવ-૬: કાર્ય-૬માં નિર્દિષ્ટ ઠરાવની નોંધ લેવામાં આવી. નિર્દિષ્ટ ઠરાવ બાબતની પ્રક્રિયા વહેલી તકે પૂર્ણ કરવા ગૂજરાત વિદ્યાપીઠ મંડળને જણાવવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૭ : ગૂજરાત વિદ્યાપીઠ મંડળની તા. ૨૧/૧૨/૨૦૨૩ની બેઠકના ઠરાવ : ૦૯ "ગૂજરાત વિદ્યાપીઠ (ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી)ના ૧૭મા કુલપતિની સર્ચ કમિટીની તા. ૧૮.૦૬.૨૦૨૩ની કાર્યવાહી અનુસાર પ્રવર્તમાન રેગ્યુલેશન અનુસાર કમિટિના ઠરાવ નં. ૨ અનુસાર આગળની કાર્યવાહી કરવા સુચવવામાં આવ્યું." આ ઠરાવને આધીન અને સમિતિના અધ્યક્ષશ્રીના આદેશ અનુસાર Search for the 17th Vice-Chancellor of Gujarat Vidyapithની જાહેરાત આપવામાં આવી છે, જેની જાણ થવા બાબત.

ઠરાવ-૭: કાર્ય-૭માં નિર્દિષ્ટ ઠરાવની નોંધ લેવામાં આવી.

કાર્ય-૮ : ગૂજરાત વિદ્યાપીઠ મંડળની તા. ૨૧/૧૨/૨૦૨૩ની બેઠકના ઠરાવ : ૧૦ "ઉચ્ચ શિક્ષણને પગાર પેન્શન સિવાયના આવશ્યક ખર્ચની વિગત દર મહિને મંડળને રજૂ કરવા તેમજ તે અનુસાર મંત્રીશ્રીને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે રૂ. પાંચ કરોડની મર્યાદામાં ઉચ્ચ શિક્ષણના પગાર પેન્શન સિવાયના આવશ્યક ખર્ચની વિગત મુજબ નાણાં ઉચ્ચશિક્ષણને તબદીલ કરવાની સત્તા રહેશે તેમ ઠરાવવામાં આવ્યું." જેની જાણ થવા બાબત.

ઠરાવ-૮: કાર્ય-૮માં નિર્દિષ્ટ ઠરાવની નોંધ લેવામાં આવી.

કાર્ય-૯ : ગૂજરાત વિદ્યાપીઠ મંડળની તા. ૨૧/૧૨/૨૦૨૩ની બેઠકના ઠરાવ : ૧૪ "ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત તમામ સંસ્થાઓમાં સેવકોની નિમણૂક, બઢતી, ઉચ્ચતર પગારધોરણ, નિવૃત્તિના લાભ સહિતની સેવા વિષયક બાબતોમાં જરૂરી નાણાકીય જોગવાઈ કરવા, કાયદાકીય પ્રશ્નો નિવારવા તથા નિયમનકારી સંસ્થાઓની જોગવાઈનું પાલન થાય તે હેતુસર સેવાકીય બાબતો પ્રયોજક સંસ્થા તરીકે મંડળની મંજૂરીથી કરવાનું ઠરાવવામાં આવ્યું." જેની જાણ થવા બાબત.

ઠરાવ-૯: કાર્ય-૯માં નિર્દિષ્ટ ઠરાવની નોંધ લેવામાં આવી.

કાર્ય-૧૦ : શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રવેશ સંદર્ભે National Testing Agency દ્વારા કૉમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ (પીજી) CUET (PG)ના આયોજન અર્થે ફી પેટે રૂ. બે લાખ ભરી તેની જાણ થવા બાબત.

ઠરાવ-૧૦: શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રવેશ સંદર્ભે National Testing Agency દ્વારા કૉમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ (પીજી) CUET (PG)ના આયોજન અર્થે ફી પેટે રૂ. બે લાખ ભરી તેની નોંધ લેવામાં આવી.

કાર્ય-૧૧ : Modified Assured Career Progression Scheme (MACPS) માટેની માર્ગદર્શિકા મુજબ Screening Committeeની પુન: રચના કરવા બાબત.

ઠરાવ-૧૧: Modified Assured Career Progression Scheme (MACPS) માટેની નીચે મુજબની સમિતિ રહેશે તેમ ઠરાવવામાં આવ્યું.

| | |
|---|---|
| કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ | અધ્યક્ષ |
| ગૂજરાત વિદ્યાપીઠના કર્મચારી ન હોય તેવા બે સભ્યશ્રીઓ જેઓ- MACP માટે સૂચિત કર્મચારીઓ કરતા ઓછામાં ઓછા એક પે મેટ્રીક્સ પે લેવલ ઉપર હોય પણ Under Secretary કે તેની સમકક્ષ હોદ્દાથી નીચે ન હોય. | સભ્ય<br>૧)<br><br>૨) |
| સંબંધિત કિસ્સામાં ST/SC/OBC Cell ના લાયઝન અધિકારી | સભ્ય |
| સંબંધિત કિસ્સામાં શાખા અધ્યક્ષ/વિદ્યાશાખાના ડીન | સભ્ય |

કાર્ય-૧૨ : વિવિધ સેવકોની સેવા પૂરી પાડતી એજન્સીઓનાં કોન્ટ્રાક્ટની જોગવાઈ મુજબ તા. ૩૧/૧૨/૨૦૨૪ સુધી લંબાવેલ સમયગાળાની બહાલી બાબત.

ઠરાવ-૧૨: વિવિધ સેવકોની સેવા પૂરી પાડતી એજન્સીઓનાં કોન્ટ્રાક્ટની જોગવાઈ મુજબ સફલ હોસ્પીટાલીટી અને મેન્ટેનન્સ સર્વિસીસ તથા ભક્તિ મેનેજમેન્ટ સર્વિસીસ પ્રા. લિ.ના તા.૩૧/૧૨/૨૦૨૪ સુધી લંબાવેલ સમયગાળાને બહાલી આપવામાં આવી.

કાર્ય-૧૩ : તા. ૩૦-૧૨-૨૦૨૩ના રોજ મળેલ વિદ્યાસભાના ઠરાવ નં. ૩ "M.Sc. (Environmental Science and Technology) અભ્યાસક્રમ હાલ બંધ કરવા માટે બોર્ડ ઑફ મેનેજમેન્ટને ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું." જે અંગે નિર્ણય થવા બાબત.

ઠરાવ-૧૩ : M.Sc. (Environmental Science and Technology) અભ્યાસક્રમ હાલ બંધ કરવાની વિદ્યાસભાની ભલામણનો અસ્વીકાર કરવો તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૧૪ : તા. ૩૦-૧૨-૨૦૨૩ના રોજ મળેલ વિદ્યાસભાના ઠરાવ નં. ૭ "શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી BCA અભ્યાસક્રમમાં પ્રવેશ બાબતે બોર્ડ ઑફ મેનેજમેન્ટનું માર્ગદર્શન લેવાનું ઠરાવવામાં આવ્યું" જે અંગે નિર્ણય થવા બાબત.

ઠરાવ-૧૪: શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી BCA અભ્યાસક્રમમાં વર્તમાન સુવિધાઓ આધારિત પ્રવેશ પ્રક્રિયા માટે મંજૂરી આપવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૧૫ : કાનૂની શાખાના બિલો ચૂકવવા બાબતનો શાખા અધ્યક્ષ, હિસાબ શાખાનો તા. ૦૬-૦૧-૨૦૨૪નો પત્ર વંચાણે લઈ નિર્ણય કરવા અંગે.

ઠરાવ-૧૫ : ઉપરોક્ત કાર્ય આગામી નાણાં સમિતિમાં મૂકવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૧૬ : શારીરિક અને શિક્ષણ અને રમતગમત વિજ્ઞાન વિદ્યાશાખાના ડીન તથા વિભાગીય વડા તરીકે વરિષ્ઠતાના આધારે ડૉ. જગદીશચંદ્ર ગોઠીની તા. ૦૧-૦૧-૨૦૨૪થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી નિમણૂક કરવામાં આવી તેની જાણ અર્થે.

ઠરાવ-૧૬: કાર્ય-૧૬માં નિર્દિષ્ટ બાબતની નોંધ લેવામાં આવી.

કાર્ય-૧૭ : અનુસ્નાતક છાત્રાલય, અમદાવાદના હિસાબી કામકાજ માટે સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા, આશ્રમ રોડ શાખામાં ખાતું ખોલાવ્યા અંગેના પરિપત્રિત ઠરાવને બહાલી આપવા અંગે.

ઠરાવ-૧૭ : અનુસ્નાતક છાત્રાલય, અમદાવાદના હિસાબી કામકાજ માટે સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા, આશ્રમ રોડ શાખામાં ખાતું ખોલાવ્યા અંગેના પરિપત્રિત ઠરાવને બહાલી આપવામાં આવી.

કાર્ય-૧૮ : શિક્ષણ છાત્રાલય, અમદાવાદના હિસાબી કામકાજ માટે સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા, આશ્રમ રોડ શાખામાં ખાતું ખોલાવ્યા અંગેના પરિપત્રિત ઠરાવને બહાલી આપવા અંગે.

ઠરાવ-૧૮ : શિક્ષણ છાત્રાલય, અમદાવાદના હિસાબી કામકાજ માટે સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા, આશ્રમ રોડ શાખામાં ખાતું ખોલાવ્યા અંગેના પરિપત્રિત ઠરાવને બહાલી આપવામાં આવી.

કાર્ય-૧૯ : કન્યા છાત્રાલય, અમદાવાદના હિસાબી કામકાજ માટે સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા, આશ્રમ રોડ શાખામાં ખાતું ખોલાવ્યા અંગેના પરિપત્રિત ઠરાવને બહાલી આપવા અંગે.

ઠરાવ-૧૯ : કન્યા છાત્રાલય, અમદાવાદના હિસાબી કામકાજ માટે સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા, આશ્રમ રોડ શાખામાં ખાતું ખોલાવ્યા અંગેના પરિપત્રિત ઠરાવને બહાલી આપવામાં આવી.

કાર્ય-૨૦ : બોર્ડ ઑફ મેનેજમેન્ટમાં સભ્યોની નિયુક્તિના તા. ૧૦-૦૧-૨૦૨૪ના જાહેરનામાની નોંધ લેવા બાબત.

ઠરાવ-૨૦: બોર્ડ ઑફ મેનેજમેન્ટમાં સભ્યોની નિયુક્તિના તા. ૧૦-૦૧-૨૦૨૪ના જાહેરનામાની નોંધ લેવામાં આવી અને તેને વેબસાઈટ ઉપર જાહેર કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૨૧ : કર્મચારીઓની નિવૃત્તિ, રાજીનામાં અને બઢતી બાબત.

ઠરાવ-૨૧: કર્મચારીઓની નિવૃત્તિ, રાજીનામાંની નોંધ લેવામાં આવી.

તા. ૧૯-૦૧-૨૦૨૪

(ડૉ. નિખિલ ભટ્ટ)
ઈન્ચાર્જ કુલસચિવ